# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સત્ય-ન્યાય દેખતા નથી બધા ધૃતરાષ્ટ્રો જ છે!
છે પુત્રો પર પ્રેમ સૌને બધા ધૃતરાષ્ટ્રો છે!
છે બધા જ ધૃતરાષ્ટ્રો કરે છે આંખ આડા કાન
ખેંચાય વસ્ત્રો લોકશાહીનાં બધા ધૃતરાષ્ટ્રો જ છે..

## હાઈકુ

પરિવર્તન!?
ધાક ભરી શિસ્તનાં
તૂટે છે તાળાં
(પક્ષ ના બંધન)

લાડુ ઘેનમાં -
સૂતો બ્રહ્મ સમાજ -
સહે અન્યાય!
(સંજય જોષી - હરેશ પંડ્યા)

## ચિંતન

**ખલાં ન સાધુતા યાતિ સદ્ભિઃ સંમ્બોધિતો અપિ સન્ ।**
**સરિત્પૂર પ્રપૂર્ણો અપિક્ષારઃ કિં મધુરયાતે ॥**

'સજ્જનો વડે સારી રીતે બોધ આપી સમજાવવામાં આવે છતાંય દુર્જનને એ બોધ-ઉપદેશની કંઇ અસર થતી નથી અર્થાત ઉપદેશ સફળ થતો નથી. જેમ કે, વર્ષા ઋતુમાં કે બારેમાસ બે કાંઠે વહેતી નદીઓ, સતત સમુદ્રમાં ઠલવાતી રહે છે છતાં ય સાગર આખો ભરાઇ છલકાતો નથી કે ખારો છે, તેમાંથી મીઠો થઇ જતો નથી.'

આજકાલ દુનિયામાં ગુન્હાઓનું પ્રમાણ ખૂબ જ વધ્યા કરે છે. જૂઠ, છેતરપીંડી, બનાવટ, ઠગાઇ તો સામાન્ય નિયમ થઇ ગયો છે. ખૂન-ખંડણી-બળાત્કાર, પણ સ્વાભાવિક થઇ ગયા છે. તેની સાથે સાધુ-સંતો-બાબા-બાપુઓ પણ પોતાના ફાળો યત્કિંચિત આપતા રહે છે.

સમાજ સમુદ્ર જેવો છે તેની ખારાશની (ગુન્હાઇત માનસ) ગૂંજાસ એટલી બધી વિશાળ અને ઉંડી છે કે તેને કોઇ સંત-મહંતનો બોધ સજ્જન-સદાચારી બનાવી નથી શકતો.

અહીં આ વાત સમજાવવા દરિયામાં - સમુદ્રમાં ઠલવાતી અનેક નદીઓ પણ સમુદ્રને 'મીઠાસ' થી ભરી છલકાવી નથી શકતી, એ દૃષ્ટાંત દ્વારા સમજાવી છે.

## સુવિચાર

- જીવન આખું બદલવાની જરૂર નથી, જરૂર છે માત્ર, આપણો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલવાનો - **સ્વામી રામતીર્થ**
- બધી જ પરિસ્થિતિને અનુકૂળ થવું એટલે જ સફળ જીવન જીવવાની સાચી કળા- **ઓકારૂરા કાકુગ્સે**
- જીવનની વાસ્તવિકતાઓની સાથે જેમ જેમ તમે અનુકૂળ થતા જશો તેમ તેમ જીવન જીવવાનું તમને અર્થપૂર્ણ જણાશે - **આર. જી. ઓલમેન**
- આપણો દરેક શબ્દ પ્રાર્થના બને અને દરેક કર્મ એક યજ્ઞ બને એવું જીવન જીવીએ- **મિખાઇલ નેમી**
- બીજાની પ્રત્યે ઉદાર અને પોતાના તરફ ઉદાસીન રહેવું એ જ સાચું જીવન - **ભિક્ષુ અખંડાનંદ**
- જીવન પુષ્પ છે અને પ્રેમ એનું પરાગ - **વિક્ટર હ્યુગો**
- સદ્ગુણો, સહકારી સ્વભાવ અને સ્પષ્ટ નિર્ણય શક્તિનો સરવાળો એટલે સંતુલિત જીવન - **સ્વેટ માર્ડન**

## બોધકથા

સંસારમાં ધર્મ-અધર્મ, કથા-વાર્તા, સત્સંગ, પંથ-સંપ્રદાયો બધાનો હેતુ 'મુક્તિ'નો છે વળી, સ્વર્ગ-નરક જેવું પણ કંઇ નથી, મુક્તિ કોને કહેવાય ફરીવાર જન્મ લીધો કે નહીં, કોને ખબર? જો જીવન જીવવાની સાચી દૃષ્ટિ મળી જાય તો મુક્તિ-સ્વર્ગ બધું અહીં જ છે.

એક મુમુક્ષુ, જિજ્ઞાસુ-સંત મેકારિયો પાસે આવ્યો અને કહ્યું, મારે સંસારમાંથી 'મુક્તિ' મેળવી સ્વર્ગમાં જવું છે. હું શું કરું?

સંત મેકારિયો કહે, આ સામે સ્મશાનામાં જા અને કબ્રસ્તાનમાં સૂતેલાં તમામ ને નામના પાટિયા વાંચી તેમને ખૂબ ખરાબ વચન અને ગાળો આપી આવ!

યુવાન એ કામ કરી પાછો આવ્યો.

સંતે ફરી કહ્યું, જા હવે તેમના ખૂબ વખાણ કરી પાછો આવ. યુવાને એ પણ કામ પૂર્ણ કર્યું.

સંતે પૂછ્યું તે કબ્રસ્તાનમાં પોઢેલાંને ગાળો આપી ત્યારે અને પ્રશંસા કરી ત્યારે એ લોકોએ શું પ્રત્યાઘાત આપ્યો?

યુવાન કહે કંઇ જ નહીં, મરેલાં કંઇ પ્રત્યાઘાત આપતાં હશે!

સંત કહે જીવન રહીને મુક્ત જીવનનું સુખ અને સ્વર્ગ માણવાં હોય તો જીવન પ્રત્યે 'તાટસ્થ્ય' રાખતાં શીખી જા. ક્રોધ-સુખ-આનંદ માન-અપમાનમાં 'તટસ્થ' રહેવું, એ જ મુક્તિ એ જ સ્વર્ગ છે.

# સડસઠ વર્ષના આ યુવાને આજ સુધી એકટાણું કર્યું નથી, રામનવમીએ ફરાળ નથી કર્યું, હા, તેમને નાનપણથી એટલે કે, બાર વર્ષથી ધ્યાનમાં બેસવાનું બહુ જ ગમે છે, તેમણે શ્રી વિવેકાનંદને સતત વાંચ્યા છે

## જીવનદૃષ્ટા રસિક મહેતા મોંઘેરાં મોતી

- નટવર આહલપરા



ચોરાસી લાખ જન્મ ધારણ કર્યા પછી મોંઘો મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે. મનુષ્ય દેહ મળે જીવન ધન્ય બને, પરગજુ થાય, કોઇ અપેક્ષા વિના સ્નેહ-સદ્ભાવ સાથે વળી પ્રસન્નતાપૂર્વક મૂક રહી, કોઇને પણ સહાયરૂપ થયા જ કરવું એવી નેમ ધરાવનાર ઉદ્યોગકાર શ્રી રસિકભાઇ મથુરદાસ મહેતાને યુવા પેઢીને પ્રેરણા મળે તેવું વ્યક્તિત્વ ધરાવે છે.

પુરૂષાર્થ, આત્મસૂઝ અને નીડરતાથી સફળ ઉદ્યોગકાર બનનાર આ સજ્જનનો જન્મ તા. ૪-૧૦-૧૯૪૦ ના રોજ કચ્છમાં માંડવીની વસુંધરાને રસિકભાઇ મળ્યા. પિતા મથુરદાસ, માતા વિજયાબેન એટલે સંસ્કાર, સચ્ચાઇ, સ્નેહની અમલ્ય પાઠશાળા, મૂળ વતન જામનગર હોવા છતાં રસિકભાઇ જયાં - જયાં વસ્યાં ત્યાં - ત્યાં તેમણે વતન બનાવ્યું છે.

શાળા કોલેજના તેમનાં સંભારણાઓ સદાય સંઘરવા જેવા છે. ધોરણ દસમાં ભણતાં હતાં. ત્યારે કચ્છ - માંડવીથી રાજકોટ આવતાં હતા. કંડલા પોર્ટ ફેરીમાં માણસો ખીંચોખીચ બેસે. હલ્લો કરી ફેરીમાં ચઢે. ફર્સ્ટ કલાસમાં જગ્યા ઘણી હતી. ફેરી બીજી બાજુ નમી ગયેલી.

હિંમત દેખાડી પોર્ટનાં અધિકારીને કહેલું કે, 'ફર્સ્ટ કલાસમાં ઘણી જગ્યા છે. વૃધ્ધોને બેસવા ધ્યો ને? હું મારાં માટે નથી આવ્યો.' પછી તો તેઓએ વૃધ્ધોને હાથ પકડી બેસાડેલા.'

બાળપણની છાપ કોઇને પણ જીવન રહે છે. કચ્છ - માંડવીની શાળાઓ એક પ્રસંગ આ પ્રમાણે છે : શ્રી રસિકભાઇ સાથે દમયંતી અને તુલસી અભ્યાસ કરે. દમયંતીનું તાંબિયું (Coin) ખોવાઇ ગયું. તેણે શ્રી રસિકભાઇ ઉપર આરોપ મૂક્યો. શાળાનો સમય સવારના આઠથી અગિયાર અને બપોરે બે થી પાંચ.ઉદાસ મને ઘેર આવ્યા. માને બધી વાત કરી. બપોરે તેમના માતા શાળાએ સાથે ગયા હતા. શ્રી પ્રફુલ્લભાઇ માસ્તરને કહ્યું. 'જો મારાં છોકરાએ તાંબિયું લીધું હોય, તો એ મારો છોકરો નથી. તમે તમારી રૂલ (ફૂટપટ્ટી) પહેલાં રસિકનાં હાથમાં મારો, પછી દમયંતીના હાથમાં, 'શ્રી પ્રફુલભાઇ માસ્તર ફૂટપટ્ટી મારવા ગયા. ત્યાં દમયંતી બોલી : 'રસિકે તાંબિયું ચોર્યું નથી.' વિધવા માતાને પોતાના બાળ માનસ ઉપર પડી છે.

ગઝલ, કવ્વાલી ખૂબ ગમે, તેનું સતત રટણ હોય જ. ચૌદ વર્ષની વયમાં જ ગઝલ કવિઓ ગની દહીંવાલા, બરકત વિરાણી 'બેફામ', શયદા, કલાપી, બાલાશંકર કંથારિયાની રચના મનભરીને માણેલી.

તેઓને શાળા કક્ષાએ નાટકો ભજવવાનો અનહદ લ્હાવો મળ્યો છે. જયારે રસિકભાઇ માત્ર ત્રીજા ધોરણમાં ભણતાં હતા અને શાળાનો વાર્ષિકોત્સવ. જે નાટક ભજવાયું તેમા વૈધરાજનું પાત્ર ભજવેલું. ધોરણ પાંચના અભ્યાસ દરમિયાન શ્રી અવિનાશ વ્યાસ રચિત અને તેમની ઉપસ્થિતિમાં 'રાસદુલારી' નૃત્ય નાટિકા, ભજવેલી, પછી તો આ નૃત્યનાટિકા ભૂજ, અંજાર, ગાંધીધામ રજૂ થયેલી. રાજકોટ મોઢવણિક બોર્ડિંગમાં અભ્યાસ દરમિયાન ભજવાતાં નાટકોમાં પાત્રો અભિનિત કરેલાં.

૧૯૬૨ થી ૧૯૬૪ મોરબી ખાતે એસ.ઇ. એન્જિનીયરીંગ કોલેજમાં મિકેનિકલ વિષયમાં ડિપ્લોમાનો અભ્યાસ કર્યો. જેવો અભ્યાસ પૂરો થયો ત્યાં તો તરત જ મુંબઇ, કુર્લામાં પ્રિમિયર ઓટો મોબાઇલ્સ કંપનીમાં (૧૯૬૪) લે-આઉટ એન્જિનીયર તરીકે જોડાયા.

સુભાષિત પ્રમાણે કહી શકાય.

"હૈયું, મસ્તકને હાથ, બહુ દઇ દીધું નાથ,
જા હવે, ચોથું નથી જોતું?"

હૈયામાં હાજા, લઇ, હરખથી, કર્મ પૂજા કરનાર, રસિકભાઇને સંસારમાં સથવારો મળ્યો જીવન સાથીનો. ૧૯૬૪માં જ મુંબઇ મુકામે આદરણીય તરલાબેન સાથે લગ્નબંધન બાધ્યું. યુવાનોએ તેમજ તેમના માતા-પિતાઓએ બોધ પાઠ લેવા જેવી બાબત એ છે કે, સુશ્રી તરલાબેને લગ્ન સમયે મેટ્રિક સુધી જ ભણ્યાં હતાં. પરંતુ બંને દીકરા શ્રી નરેનભાઇ તથા શ્રી હરેનભાઇને સરસ રીતે ભણાવ્યાં અને પછી પોતેય સંસાર વચ્ચે રહીને ગ્રેજ્યુએટ થયા.

કોઇ પણ સંયોગોમાં ગમે તેવું દબાણ હોય, તો શ્રી રસિકભાઇનો પ્રતિભાવ રહ્યો છે કે, શાંત ચિત્તે વિચારીને રસ્તો કાઢવો. નજીકની વ્યક્તિ માટે મોહ જાગે, ખિન્નતા પણ આવે. તેઓએ તેમના બાળકોને કયારેક દબાણ નથી કર્યું. કોઇને ઠપકો આપે પણ તે હિતકર હોય છે. ખરેખર કડવું જ મીઠું હોય છે. નાનપણમાં ખોળામાં સુવડાવી મા બાળકને કડવાટ પાય તે બાળકના હિતમાં જ હોય છે. હિતકર વિચારવું અને તેને અમલગમાં મુકવું શ્રી રસિકભાઇને બહુ જ ગમે છે.

કોમ્પ્યુટર યુગને આવકારતા તેઓ કહે છે કે, "૧૯૮૭ માં રાજકોટમાં સૌ પ્રથમ કોમ્પ્યુટર આવેલા. તેમાં અમે સૌ પહેલાં હતા. આજે કોમ્પ્યુટર અનિવાર્ય છે. તેનો ઉપયોગ વિવેકબુધ્ધિથી કરવો જોઇએ. એમ હું માનું છું." અનેકવિધ પ્રવૃત્તિઓની વચ્ચેય વાંચન માટે તેઓ વખત બચાવી લે છે. મોટા ભાગનું આધ્યાત્મિક વાંચન કર્યું છે. રોજ એક કલાક વાંચન કરે છે. 'અખંડ આનંદ', 'કવિતા' જેવા સામયિકો વાંચે છે. ઘણાં સામયિકોના આજીવન લવાજમો ભર્યાં છે. વાંચનનો લગાવ બહુ જ ધરાવતા તેઓ ટેલિવિઝનની નેશનલ જયોગ્રાફી, ડિસ્કવરી ઓફ ઇન્ડિયા શ્રેણી જોવાનું ચૂકતાં નથી. ઉર્દૂ ગઝલના કાર્યક્રમો જોવાનુંય વળગણ છે. પરિવારમાં તેઓ એક કલાકથી વધુ ટીવી જોતાં નથી.

સડસઠ વર્ષના આ યુવાને આજ સુધી એકટાણું કર્યું નથી. રામનવમી એ ફરાળ નથી કર્યું. હા, તેમને નાનપણથી એટલે કે, બાર વર્ષથી ધ્યાનમાં બેસવાનું બહુ જ ગમે છે. તેમણે શ્રી વિવેકાનંદને સતત વાંચ્યા છે.

વિદેશમાં મલેશિયા, ઇન્ડોનેશિયા, સિંગાપુર, થાઇલેન્ડ, બેંકકોકમાં સ્વૈર વિહાર કર્યો છે, તો ભારતની ભૂમિ પર ચાર ધામ યાત્રામાં ગંગોત્રી, યમનોત્રી, અમરનાથ, કેદારનાથ, પશુપતિનાથનાં દર્શન કરી પ્રાકૃતિક સૌંદર્યને માણ્યું છે.

મારુતિ, સેન્ટ્રો વાહનમાં સફર કરી પ્રવૃત્ત રહેતાં શ્રી રસિકભાઇ અંધવિશ્વાસમાં જરાંય માનતા નથી. ભ્રમણાઓ ભાંગી શકે એવા ગુરુ આજે કયાં છે? એવું તેઓ દૃઢ પણે માને છે. તેઓ કહે છે કે, 'મનુષ્યના આંતરિક વિકાસ માટે, આધ્યાત્મિક પ્રગતિ અર્થે ભૌતિકતા અનિવાર્ય છે. પણ વ્યક્તિએ ભૌતિક્તાને સાધન તરીકે સ્વીકારવાની જરૂર છે; નહીં કે સાધ્ય તરીકે, ભૌતિકવાદના બ્રહ્માસ્ત્રને વાપરતાં આવડવું જોઇએ. વસ્તુ હોવી અને વસ્તુમાં હોવું એ ભિન્ન બાબત છે.'

શ્રી રસિકભાઇ ચાર વર્ષના હતાં ત્યાં જ તેમના પિતાનું અવસાન થયેલું. ત્યાર બાદ તેમના માતુશ્રી પોતાના સંતાનો સાથે માવતરના ગામ કચ્છ-માંડવીમાં સ્વમાનપૂર્વક એક ઓરડો ભાડે રાખી રહ્યા. પિતા સાથે ન રહ્યા. એકવાર રસિકભાઇના ફઇબા રકાબીમાં મુઠિયા દેવા આવ્યાં. મુઠિયા ઘરના વાસણમાં લઇ અને કહ્યું, "ભાઇને કહેજે મારાં છોકરાં અને હું તમારે ત્યાં આવશું. ત્યારે ખાઇ લઇશું. મારા બાળકો દહીં, રોટલો અને અથાણાના પેસેંજર છે. મારે એને આ સ્વાદે નથી ચઢાવવા." કેવી શિખ! આપણી ક્ષમતા પ્રમાણે જ આપણું જીવન જીવવું.

ધૂમકેતુની સામાજિક વાર્તાઓ, કાકા કાલેલકર, મોહનલાલ, ચુનિલાલ ધામી, ગુણવંતરાય આચાર્યને સતત વાંચ્યા છે. સૂફી સાહિત્યમાં ઘણી બધી રૂચિ છે.

ભજન, નાટક, વાંચન, સાહિત્યની વાતમાં સૂર પૂરતાં તેઓએ મને યાદ અપાવ્યું. "ભાઇ, ગાવાનો મને અનહદ શોખ છે. કોઇ પણ ગીત રાગ સહિત ગાઇ શકું છું. સુગમ, શાસ્ત્રીય સંગીત ઉપરાંત કવ્વાલી બહુ જ પ્રિય છે.''

ધારેલું પાર પાડવામાં એક્કા, જયારે સત્યાવીસ વર્ષે રાજકોટ આવ્યા ત્યારે જ નિર્ણય કરી લીધો હતો કે, "હું બાવન વર્ષ સુધી કામ કરીશ." આ વિચાર પાછળ કોઇ જડત્વ નહોતું. એમની દૃષ્ટિ સ્પષ્ટ હતી.

બાવન વર્ષ પછી શું કરવું. તેના ફળ સ્વરૂપે ૧૯૭૯ માં મથુરદાસ નરભેરામ પારેખ ચેરિટેબલ ટ્રસ્ટ (પિતાની નામે) રજિસ્ટર્ડ કરાવ્યું.

ગાંધીજીની ટ્રસ્ટીશીપ તેમને બહુ જ પ્રિય છે. તેમના ભાઇશ્રી કાંતિભાઇ પણ આ સદ્કાર્યમાં જોડાયા છે. આયોજન કેવું! પારદર્શક બહારથી પૈસા ન લેવા, પોતાનાં જ પૈસા ટ્રસ્ટમાં જમા કરાવી જરૂરિયાત મંદ લોકોને સહાય કરવી.

સેવાભાવી સંસ્થા હોય અને ઉક્ત ટ્રસ્ટ તરફથી યથાયોગ્ય રીતે પૈસાનો ઓક્સિજન પૂરો પાડવામાં આવે છે. સદાવ્રતોમાં અન્નક્ષેત્ર, તબીબી સહાય, વારિગૃહ, સ્ત્રી સશક્તિકરણનો પ્રોજેકેટ, આદિવાસી લોકોને મદદ, પર્યાવરણ જાળવણી કરવાનો પ્રોજેક્ટ્સ, શિક્ષણ ક્ષેત્રે બુક બેંક ઉપરાંત રાહત દરે અનાજ - છાસ વિતરણ થાય છે.

સામાજિક કુરૂઢિ અને કુરિવાજો માટે, તેઓ પાસે દીર્ઘદૃષ્ટિ છે. લગ્ન સમયે તેમણે તેમના સસરાને કહેલું કે, હું આર્યસમાજની પધ્ધતિએ લગ્ન કરીશ. સામૈયું કરવાનું નથી અને ફૂલેકું કાઢવાનો નથી.

દીકરાના લગ્નમાં દીકરાને પોંખવાની વિધિ તેમના વિધવા બહેનના હાથે કરાવી હતી અને દીકરાની જાનમાં બહેનને પહેલાં બેસાડ્યાં હતાં.

સમાજમાં નબળી પરિસ્થિતિવાળા માટે દાખલો બેસાડવા મોટા દીકરાના સિવિલ મેરેજ કરાવ્યાં. હોટેલમાં પચાસ વ્યક્તિ વરપક્ષમાંથી, પચાસ વ્યક્તિ કન્યાપક્ષમાંથી એમ આયોજન કરી લગ્ન કરેલાં.

શ્રી રસિકભાઇને બહુ નજીકથી માણવાનું મળ્યું. તેમણે તેમની જિંદગીને ખુબસૂરત રીતે મઠારી છે, ત્યારે કહ્યા વિના રહેવાતું નથી;

એક પથ્થરમાથી મળતાં શિલ્પને આદર મળે;
જો મઠારી જિંદગીને તો જ કંઇ નક્કર મળે.

# આજે તો શિક્ષક જ પોતાના વિષયરૂપી સાગરમાં કિનારા પર બેઠો હોય છે, એ કયાંથી વિદ્યાર્થીઓને સ્કૂબા ડાઇવિંગ શિખવાડી શકવાના હતા!

## વિચાર યાત્રા

- જય ઓઝા

હજી ગઇકાલથી શાળા-કોલેજ શરૂ થઇ રહ્યાં છે ત્યારે, આ ગુલ્લી મારવાની વાત કયાંથી યાદ આવી ગઇ? પણ ખરું કહેજો સ્કૂલ, કોલેજ કે ઓફિસમાંથી આપણે કયારેક તો ગુલ્લી મારી જ હશે ખરૂં ને!

સામાન્ય રીતે સ્કૂલ કોલેજમાં ગુલ્લી મારવી આ શબ્દપ્રયોગ થતો હોય છે, અને અમલ પણ થતો હોય છે...

કોઇ વિષયનું ગૃહકાર્ય ન કર્યું હોય, જે - તે વિષય શિક્ષકનું રાક્ષસી મુખ આપણને ડરાવતું હોય, અને વગર ઘરકામે કલાસમાં બેઠા તો આથી જ બને, એવું હોય તેવા સંજોગોમાં સંકટ સમયની બારી તરીકે ગુલ્લી મારવાના ભગીરથ કાર્યને અંજામ આપવામાં આવતો...

પરંતુ સ્કૂલમાંથી ભાગ્યા પછી મુશ્કેલી એ થતી કે જવું કયાં? કારણ કે ઘરે તો જવાબ નહીં! તો પછી સ્કૂલ પુરી થાય ત્યાં સુધીનો સમય કયાં પસાર કરવો! ત્યારે વિચાર આવતો કે જેમ સ્મોકિંગ ઝોન હોય છે, તેમ અમારા જેવા ઓશિયાળા જીવો માટે સરકારે ગુલ્લી ઝોન પણ રાખવો જોઇએ! જયાં ગભરૂ બાળકોને આશ્રય મળે...

તે સમયે તો આજથી જેમ મલ્ટી પ્લેક્સીસ નહોતા કે પછી આજની જેમ ખીસ્સાખર્ચી પણ મળતી નહોતી... કે આખો દિવસ રૂપિયા ખર્ચતા ફરીએ... બે ત્રણ સમદુઃખીયા, મિત્રો સાથે ફરાર થયા હોઇએ... પછી નગરના એક ખૂણામાં જઇને વાતોના વડા કરવાના... વળી કોઇ જોઇ ન જાય તેની બીકમાં ગભરાતા રહેવાનું. પાછો સ્કૂલ ડ્રેસ પહેર્યો હોય એટલે આજુ-બાજુ વાળા બીજા વ્યક્તિઓ રસ્તેથી પસાર થતા લોકો જેલમાંથી ભાગેલા કેદીને જોતા હોય તેમ કતરાતા જતા હોય...

આમ જોવા જઇએ તો જેલરૂપી સ્કૂલના જેલર જેવા ચોકીદારના સ્કેનરથી બચીને જે રીતે ભાગતા, તે જોતા ખરેખર એમ લાગે કે કોઇ મોટો ગુનો કરીને ભાગીએ છીએ... એક સમય હતો જયારે સ્કૂલમાંથી આમ ફરાર થવું એ હિંમત માગી લે તેવું કામ હતું... અને આજે એ કપરું કામ સરળ બની ગયું છે... મા-બાપે પણ ગાપચીને - ગુલ્લીને લીલી ઝંડી આપી દીધી છે...

કોલેજોમાં પણ અણગમતા પ્રોફેસરના લેકચર પૂરતી ગુલ્લી મારવાની, મિત્રોના વારા પડી ગયા હોય; પ્રોક્સી ભરાતી હોય, બહાર કીટલી પર બેસીને મિત્રો સાથેના ગપાટા મરાતા હોય... આ જિંદગી સાવ અલગ જ હોય છે એટલે કે મજાની લાઇફ હોય છે.

ઘણા બૌધ્ધિકો અને મનોવૈજ્ઞાનિકો આવી ગાપચીઓને વિદ્યાર્થીઓની 'પલાયનવાદ' નું નામ આપે છે, પણ એની બીજી બાજુ જોઇએ તો આ વિદ્યાર્થીઓ પલાયનવાદી નથી, પરંતુ શિક્ષક કે પ્રોફેસરોની નબળાઇ છે. જો આજના શિક્ષકમાં જ એટલી ક્ષમતા હોય તો તેનો વિદ્યાર્થી કયારેક ના ગુલ્લી મારે કે ન તો એને શિક્ષણનો કંટાળો આવે.

આજના વિદ્યાર્થીને જ્ઞાન સાથે ગમ્મત જોઇએ છીએ. ભણાવવાની અને ભણવાની અલગ પધ્ધતિ જોઇએ છીએ. વિદ્યાર્થીઓ સાથે એક શિક્ષક તરીકે નહિ પણ વિદ્યાર્થી તરીકે જ ભળી જઇએ ને ભણાવનાર જોઇએ છીએ. આ બધી જ ક્ષમતા જો શિક્ષકમાં હોય તો તેનો વિદ્યાર્થી તેના રેગ્યુલર કલાસમાં અને એક્સ્ટ્રા કલાસમાં પણ હાજરી આપતો થઇ જશે.

### આજે ગુલ્લી પુરાણનું પીષ્ટપેષણ

પણ આજે તો શિક્ષક જ પોતાના વિષયરૂપી સાગરમાં કિનારા પર બેઠો હોય છે. એ કયાંથી વિદ્યાર્થીઓને સ્કૂબા ડાઇવિંગ શિખવાડી શકવાના હતા!

શિક્ષક કે અધ્યાપકની એ તાકાત હોવી જોઇએ કે તે 'બીટવીન ધ લાઇન્સ' પુસ્તકની બે લીટી વચ્ચેનું પરોક્ષ જ્ઞાન વિદ્યાર્થીને પીરસે. પછી જુઓ કયારેક કોઇ વિદ્યાર્થી ગુલ્લી નહીં મારે... ઘણા પાસે વળી જ્ઞાનનો ભંડાર હોય છે પરંતુ તેને યોગ્ય રજૂઆત આવડતી નથી એટલે ONLY TEACH TEACH & TEACH માં વિદ્યાર્થીને બિચારાને ટીંચી નાખે છે.

ખેર વિષય હતો ગુલ્લી મારવાનો... અગાઉ છે ગુલ્લી પુરાણનું આપણે અધ્યયન કર્યું તે નિર્દોષ ગુલ્લીની વાત હતી... આજે બાળકો ઘણા આગળ વધી ગયા છે...

અમદાવાદની એક પ્રતિષ્ઠિત સ્કૂલમાં ભણતો વિદ્યાર્થી ઘરેથી સ્કૂલે જવા નીકળે છે, પણ સ્કૂલે નથી આવતો અને એક મલ્ટીપ્લેક્સમાં પિકચર જોવા જાય છે... બીજી બાજુ તેના ઘરનું વાતાવરણ જોઇએ તો વિદ્યાર્થીના પિતા બિમાર છે અને તેને ICU માં દાખલ કરેલ છે... તબિયત નાજૂક તબક્કામાં છે... આવા સંજોગોમાં તેને સ્કૂલે મોકલનાર ઘરવાળા સામે પણ પ્રશ્ન ઊભો થાય... પિતાના તબિયત બગડે છે અને તેઓ ગુજરી જાય છે... તેમના સ્નેહીજનો પેલા વિદ્યાર્થીને લેવા માટે સ્કૂલે આવે છે... સ્કૂલમાં પ્રાર્થના ચાલતી હોય છે... પ્રાર્થનાખંડમાં જાહેરાત કરવામાં આવે છે... પરંતુ એ મહાનુભાવ તો સિનેમાઘરમાં પિકચરની મજા માણતો હોય છે! વિચાર કરો એ પરિસ્થિતિનું... કેવું કરૂણ દૃશ્ય હશે? ઓ છોકરો પછી કયારેય પોતાની નજરમાં નજર મેળવી શકશે?

નજરે જોયેલી એક કમનસીબ સત્ય ઘટના છે... તમે ખાલી ખાલી ગુલ્લી મારો છો? શોખ ખાતર ગુલ્લી મારો છો? આજ પછી વિચારજો પ્લીઝ...

# કોઇ પણ પ્રકારની પ્રસિધ્ધિ કીર્તિની અપેક્ષા રાખ્યા વિના સમાજહિતનાં કાર્યો કરનારા અમરત્વ પ્રાપ્ત કરે છે, જાણ્યે-અજાણ્યે લોકહૃદયમાં તેઓ સ્થાન મેળવી લે છે

## નિષ્કામ સમાજસેવાના સાધકોનું ભાવજગત

- હર્ષદ પ્ર. શાહ

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં નિષ્કામ કર્મનું પ્રબોધન કર્યું છે. કર્મફળની ઈચ્છા રાખી કર્મ કરનારા મનુષ્યો ભૌતિક સુખ અને સીમિત આનંદ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ કર્મફળની ઈચ્છા રાખ્યા વિના કર્મ કરનારા મનુષ્યો આધિભૌતિક સુખ અને અસીમિત આનંદ પ્રાપ્ત કરી શકે છે. પહેલાં પ્રકારના મનુષ્યોનાં સઘળાં કર્મોનું કેન્દ્ર 'સ્વ' હોય છે, બીજા પ્રકારના સઘળાં મનુષ્યોનાં સઘળાં કર્મોનું કેન્દ્ર 'સર્વ' હોય છે. એક 'સ્વ' નો સાધક, બીજો 'સર્વ' નો સાધક. 'સ્વ' ની સાધનામાં સ્વાર્થ અને 'સર્વ' ની સાધનામાં પરમાર્થ સમાયેલો હોય છે. અનેકોમાં સુખમાં સુખ જોવાની કામનામાં જયારે નિરપેક્ષ... નિષ્કામ ભાવ ભળે ત્યારે સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય છે.

જે લોકો 'હું' ને ઓગાળી સમષ્ટિ સાથે એકાત્મભાવ સાધી શકે છે, જેઓ સમગ્ર સમાજને પોતાનું કુટુંબ બનાવી શકે છે એવી વ્યાપક દષ્ટિવાળા મનુષ્યો નિષ્કામ સમાજસેવાના અનન્ય સાધકો છે... એમની સૃષ્ટિમાં દિવ્યતા વિદ્યમાન છે. એમનું પ્રત્યેક કર્મ એમના શરીર કે મનને નહીં, પ્રાણને અને આત્માને ચિરંતન સુખ આપનારું હોય છે.

સંત બોનીફેસે આજીવન લોકોની સેવા કરી છતાં કદી કોઈ પાસે કશું માગ્યું નહીં. દિવસોના દિવસો એમને ઉપવાસ કરવા પડતા.

એકવાર એમને કેટલાય દિવસ સુધી કંઈ ખાવાનું ન મળ્યું. એક સ્ત્રી દૂધ દોહી રહી હતી. સંતને એવું લાગ્યું કે પોતાનામાં કંઈ પણ ન માગવાનો અહંકાર છે. તેથી તરત જ પેલી સ્ત્રી પાસે દૂધ માગ્યું.

પાસે જ ઊભેલાં એના પતિએ એને દૂધ આપવાની ના પાડી. સંત કોઈ પણ જાતના દુર્ભાવ્ય વગર આગળ વધ્યા. પરંતુ ભૂખ સહન ન થતાં જમીન પર ગબડી પડ્યા. ત્યાંથી એક ઝરણું ફૂટયું એવી લોકવાયકા છે... જે આજે પણ બોનીફેસ ઝરણાના નામની પ્રખ્યાત છે.

વૃક્ષોની જેમ સંતો પણ આપે છે... લેવાની અપેક્ષા હોતી નથી. એક ગીતની પંક્તિનો ભાવ નિષ્કામ સેવાસાધનાની વાતને ખૂબ સરસ રીતે રજૂ કરે છે... 'સેવા હૈ યજ્ઞકુંડ સમિધા સમ હમ જલેં, ધ્યેય મહાસાગરમેં સરિતરૂપે હમ મિલેં.'

સમાજ યજ્ઞકુંડ સમાન છે. એવી સેવા કરવા સમિધાની જેમ આહુતિ બની જવામાં જીવનની મહાનતા છે. સેવાના ધ્યેયને સમર્પિત સાધકો સમુદ્રમાં સરિતા ભળી જાય તેમ સમાજસાગરમાં પોતાની જાતને ઓગાળી નાખે છે.

ઈટાલીના ટયુરિન વિશ્વવિદ્યાલયની રેડિયોલોજીની વિશેષજ્ઞા મારિયો પોજિયો કેન્સરના ઈલાજની શોધમાં વ્યસ્ત હતા. 'ક્ષ' કિરણોના પ્રભાવનો અભ્યાસ - અખતરો તે પોતાના શરીર પર જ કરતી. ઘાતક કિરણોની જલદ અસરથી તેમને પોતાના ડાબા હાથથી એક આંગળી કપાવવી પડી. રાહતનો દમ લેતાં એમણે કહ્યું. 'કંઈ વાંધો નહીં, ચાર આંગળીઓ પૂરતી છે.' થોડા સમય પછી પ્રયોગો આગળ વધતાં એમને પોતાનો ડાબો હાથ અને જમણા હાથનો આગળનો ભાગ કપાવવો પડ્યો. એમની આ દશા જોઈને એમના મિત્રોએ એમને રેડિયમની અને વિકરણની અસરથી દૂર રહેવાની સલાહ આપી. ત્યારે એમને શાંત સ્વરે કહ્યું, "આપણે આપણા જીવનની પ્રત્યેક ક્ષણનો પૂરેપૂરો લાભ લેવો જોઈએ. આ પ્રયોગ કર્યા વિના મારા માટે બીજો કોઈ વિકલ્પ નથી..." અને માનવતાની સેવામાં મારિયો પોજિયોએ પોતાની આહુતિ આપી દીધી.

મનુષ્યની પ્રકૃતિ તો એવી છે કે નાની નાની સફળતાનો મોટો મોટો યશ પોતાના નામે ચડાવવો. નાનું કામ કર્યું હોય તો પોતાના વર્તુળમાં, જ્ઞાતિમાં, સમાજમાં ગાઈ વગાડીને કહેવું... એનો ઢંઢેરો પીટવો... અને અનેક લોકો એમની સમ્મુખ જ એમનાં વખાણ કરે એવી પરિસ્થિતિ નિર્માણ કરવી. કોઈ દીન-દુઃખીને મદદ કરી છાપામાં પોતાના ફોટા પ્રસિધ્ધ કરાવવા એ આજકાલના કહેવાતા સમાજસેવકોની, નેતાઓની ફેશન બની ગઈ છે. આને શું સેવા કહેવી? આ તો પ્રકૃતિ પણ નહીં વિકૃતિનું દર્શન છે!

પરંતુ નિષ્કામ સમાજસેવાના સાધકોએ પ્રકૃતિમાં વિશેષ સંસ્કારિતાનું તત્ત્વ ઉમેરીને એને સંસ્કૃતિ સ્વરૂપે સમાજ સામે મૂકી છે. આદર્શ ઉદાહરણો પ્રસ્તુત કર્યાં છે. આવાં અસંખ્ય ઉદાહરણો જો નજર સામે આવે તો આપણે પણ નિષ્કામ સમાજસેવાના રાજમાર્ગ પર આગળ વધી શકીએ.

આવું નિષ્કામ સમાજસેવાના કર્મની પરાકાષ્ઠા સ્વરૂપ એક ઉદાહરણ...

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૨મી જૂન**

- છોટુભાઇ પુરાણીની જન્મજયંતિ - ૧૮૬૫.
- શેક્યપિયરના નાટકોનો પ્રથમ ગુજરાતી અનુવાદ કરનારા નરભેરામ પ્રાણજીવન દવેનો જન્મ - ૧૮૭૦. રાણપુર પાસેના ચુડા ગામમાં.
- અંગ્રેજી ભાષા પર ગજબનું પ્રભુત્વ ધરાવનારા, અનોખા વ્યક્તિત્વવાળા ૨૦મી સદીના મહાન વાર્તાકાર અર્નેસ્ટ મિલરનો જન્મદિન ૧૨-૬-૧૮૯૨.